# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 02-05-2025** **EVENING : 7.50 TO 8.00**

**Day: FRIDAY** **National News**

નમસ્કાર,આકાશવાણી,

OPENING SIGNATURE TUNE

સમાચાર **અનિલ પટેલ** વાંચે છે.

### મુખ્ય સમાચાર

(મ્યુસિક અંડરપ્લે )

1. પ્રધાનમંત્રી મોદીએ આંધ્રપ્રદેશની રાજધાની અમરાવતીના બાંધકામનો શિલાન્યાસ કર્યોઃ રાજ્યમાં 58,000 કરોડ રૂપિયાની વિવિધ પરિયોજનાનું ઉદઘાટન કર્યું
2. પ્રધાનમંત્રીએ કેરળમાં વિઝિંજમ આંતરરાષ્ટ્રીય બંદર રાષ્ટ્રને સમર્પિત કર્યું, દેશનાં દરિયાકાંઠાના રાજ્યો અને બંદર શહેરોને વિકાસના મુખ્ય કેન્દ્રો ગણાવ્યા
3. વેવ્સ 2025માં વૈશ્વિક મીડિયા સંવાદમાં 77 દેશોના પ્રતિનિધિઓએ વેવ્સ ડેક્લરેશન અપનાવ્યું
4. ઉત્તરાખંડમાં પ્રસિધ્ધ યાત્રાધામ કેદારનાથના કપાટ આજથી ખુલ્યાઃ
5. આઇપીએલમાં, સનરાઇઝર્સ હૈદરાબાદે ગુજરાત ટાઇટન્સ સામે ટોસ જીતીને બોલિંગ પસંદ કરી

.........................................................................

સમાચારને અંતે

(આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....

# PM - ANDHRA PRADESH

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આંધ્રપ્રદેશની રાજધાની અમરાવતીના બાંધકામની કામગીરી ફરી શરૂ કરવા માટેનો શિલાન્યાસ કર્યો અને 58,000 કરોડ રૂપિયાની અન્ય માર્ગ અને રેલવે પરિયોજનાઓનું ઉદ્ઘાટન કર્યું. આ પ્રસંગે એક જાહેર સભાને સંબોધતા પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, આ પરિયોજનાઓ આંધ્રપ્રદેશની આકાંક્ષાઓ અને વિકસિત ભારતની આશાઓ માટે મજબૂત પાયો રચે છે.

**(BYTE PM AMRAVATI PROJECT)**

શ્રી મોદીએ ઉમેર્યું કે, ભારત એવા દેશોમાં સામેલ છે જેની માળખાગત સુવિધાઓ ઝડપથી વિકસી રહી છે અને આંધ્રપ્રદેશને પણ આ પ્રગતિનો લાભ મળી રહ્યો છે. તેમણે કહ્યું કે એનડીએ સરકાર, ખાસ કરીને ખેડૂતોના વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે.

પ્રધાનમંત્રીએ રાજ્યમાં સાત રાષ્ટ્રીય ધોરીમાર્ગ અને એક રેલવે પરિયોજનાનું પણ લોકાર્પણ કર્યું. આ અગાઉ પ્રધાનમંત્રીએ નાગાય-લંકામાં એક હજાર 460 કરોડ રૂપિયાનાં ખર્ચે નિર્માણ પામનાર મિસાઇલ રેન્જનું ખાતમૂહુર્ત કર્યું.

**(BYTE PM NEW MISSILE RANGE)**

. . . . . . . . . . . .

# PM-VIZHINJAM KERALA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું છે કે ભારતના દરિયાકાંઠાના રાજ્યો અને બંદર શહેરો વિકસિત ભારતના વિકાસના મુખ્ય કેન્દ્રો બનશે. ભારતની દરિયાઈ યાત્રામાં એક સીમાચિહ્નરૂપ ઘટનામાં, પ્રધાનમંત્રીએ આજે કેરળમાં વિઝિંજમ આંતરરાષ્ટ્રીય બંદર રાષ્ટ્રને સમર્પિત કર્યું હતું.

**(BYTE- PM MODI, VIZHINJAM)**

વિઝિંજમ બંદરને નવા યુગના વિકાસનું પ્રતીક ગણાવતા શ્રી મોદીએ જણાવ્યું કે, જ્યારે માળખાગત સુવિધાઓનું નિર્માણ થાય, વેપારનું વિસ્તરણ થાય અને સામાન્ય લોકોની મૂળભૂત જરૂરિયાતો પૂરી થાય ત્યારે સાચો વિકાસ પ્રાપ્ત થાય છે.

8 હજાર 800 કરોડ રૂપિયાના ખર્ચે વિકસાવવામાં આવેલું વિઝિંજમ ડીપવોટર બંદર, વિશ્વના સૌથી મોટા માલવાહક જહાજોના સરળતાથી આગમનને સક્ષમ બનાવે છે. દેશનું પ્રથમ અર્ધ-સ્વચાલિત બંદર વિઝિંજમ વૈશ્વિક વેપારમાં ભારતની સ્થિતિને મજબૂત કરવામાં મહત્વપૂર્ણ યોગદાન આપશે.

. . . . . . . . . . . .

# WAVES GLOBAL MEDIA DIALOGE DECLARATION

વેવ્ઝ 2025માં આજે વૈશ્વિક મીડિયા સંવાદ દરમિયાન વેવ્સ ડેક્લરેશનને અપનાવવામાં આવ્યું. મુંબઈમાં જિયો વર્લ્ડ કન્વેન્શન સેન્ટર

ખાતે વૈશ્વિક મીડિયા સંવાદમાં 77 દેશોના પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો, જેમણે પરંપરાઓ અને વારસાનું જતન કરવામાં સહયોગ કરવા સંમત થયા હતા.

વિદેશ મંત્રી ડૉક્ટર એસ. જયશંકર તથા માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે આ કાર્યક્રમની અધ્યક્ષતા કરી હતી. ભાગ લેનારા દેશો ખોટી માહિતીનાં ફેલાવાને રોકવા અને માધ્યમોની પ્રામાણિકતા, તથ્ય આધારિત પત્રકારત્વ અને જવાબદાર જાહેરાતોને પ્રોત્સાહન આપવા સંમત થયા હતા.

દરમિયાન, માહિતી અને પ્રસારણ મંત્રાલય આવતીકાલે વેવ્સ 2025 ખાતે મીડિયા અને મનોરંજન ક્ષેત્ર પરની આંકડાકીય પુસ્તિકાનું વિમોચન કરશે. આ પુસ્તિકા મીડિયા અને મનોરંજન ક્ષેત્ર માટે સમયસર, વિશ્વસનીય, અધિકૃત અને વ્યાપક ડેટાની જરૂરિયાતની સરકારની પુષ્ટિનો એક ભાગ છે.

. . . . . . . . . . . .

# WAVE BAZAAR-TRANSACTIONS

વેવ્સ ૨૦૨૫ના પ્રથમ દોઢ દિવસમાં જ વેવ્સ બજારે ફિલ્મ, સંગીત, એનિમેશન, રેડિયો અને VFX ક્ષેત્રોમાં ૨૫૪ કરોડ રૂપિયાના આર્થિક સોદા નોંધાયા છે.

માહિતી અને પ્રસારણ મંત્રાલયના સચિવ સંજય જાજુએ પત્રકારો સાથેની વાતચીતમાં જણાવ્યું કે હજુ આ સમિટના બાકી બે દિવસમાં આંકડો નોંધપાત્ર રીતે વધવાની ધારણા છે.

વેવ્સ બજારના વ્યુઇંગ રૂમ વર્ટિકલમાંથી 'ખિડકી ગાંવ' નામના ફિલ્મ પ્રોજેક્ટે બુસાન ઇન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલના બિઝનેસ ફંડ માર્કેટ, એશિયન સિનેમા ફંડસાથે તેના પોસ્ટ-પ્રોડક્શન અને VFX સોદાને અંતિમ સ્વરૂપ આપ્યું છે. આ પ્રોજેક્ટનું મૂલ્ય ૨ કરોડ રૂપિયા છે.

રશિયા અને ભારત વચ્ચે ક્રોસ-કલ્ચરલ ફેસ્ટિવલ પ્રોજેક્ટ પર સહયોગ કરવા માટે સમજૂતિપત્ર પર હસ્તાક્ષર કરવા માટે એક વ્યવસાયિક સોદો ચર્ચા હેઠળ છે. WAVES 2025 માં ભારત-બ્રિટન સર્જનાત્મક જોડાણનું પણ અનાવરણ કરવામાં આવ્યું હતું.

. . . . . . . . . . . .

# WAVES – RADIO

પ્રસાર ભારતીના ભૂતપૂર્વ સીઇઓ શશી શેખર વેમ્પટ્ટીએ જણાવ્યું કે ભારત રેડિયો માટેનું સૌથી મોટું બજાર છે અને તે જાહેર જનતાનાં લાભ માટેનું મૂળ માધ્યમ છે.

વેવ્સ શિખર સંમેલનમાં ‘રેડિયો રિઇમેજિન્ડઃ થ્રાઇવિંગ ઇન ધ ડિજિટલ યુગ’ વિષય પર પેનલ ચર્ચામાં ભાગ લેતા શ્રી વેમ્પટ્ટીએ જણાવ્યું કે, ભારતમાં રેડિયોના શ્રોતાઓ સમાજના વિવિધ વર્ગમાંથી આવે છે. તેમણે જણાવ્યું કે, એઆઇથી ચાલતા સાધનો અને પરંપરાગત રેડિયો જેવા સાધનો બંનેનું અસ્તિત્વ જરૂરી છે.

વેવ્સ સંમેલનમાં પેનલ ચર્ચાને સંબોધતા ઉદ્યોગપતિ અને દાનવીર નીતા અંબાણીએ જણાવ્યું કે, ભારત એક માનવતાવાદી રાષ્ટ્ર છે જેણે પોતાની ફિલસૂફી, જ્ઞાન અને શિક્ષકોના માધ્યમથી વિશ્વને બોધ આપ્યો છે.

સુશ્રી અંબાણીએ જણાવ્યું કે, ભારતે ભાષાથી માંડીને સાહિત્ય સુધી, સંગીતથી માંડીને તબીબી વિજ્ઞાન સુધી વિશ્વને યોગદાન આપ્યું છે. તેમણે કહ્યું કે, વૈશ્વિક સ્તરે ભારતનો અવાજ હવે ફરી બુલંદ થયો છે.

. . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# KEDARNATH KAPAT

ઉત્તરાખંડમાં કેદારનાથ ધામના કપાટ આજે સવારે સાત વાગ્યે શુભ મુહૂર્તમાં ભક્તો માટે ખોલવામાં આવ્યા. અમારા સંવાદદાતા જણાવે છે કે, આ પ્રસંગે 108 કિલો ફુલોથી મંદિરને શણગારવામાં આવ્યું. કપાટ ખૂલતાની સાથે જ હેલિકૉપ્ટરથી શ્રદ્ધાળુઓ પર પુષ્પવર્ષા કરવામાં આવી અને લશ્કરનાં બેન્ડે મધૂર ધૂન વગાડી.

આગામી છ મહિના સુધી શ્રદ્ધાળુઓ બાબા કેદારના દર્શન કરી શકશે. યાત્રાનાં પ્રારંભ સાથે જ દેશ-વિદેશથી મોટી સંખ્યામાં ભક્તો દર્શનાર્થે આવી રહ્યા છે. હવે બદ્રીનાથ ધામના કપાટ રવિવારે ખૂલશે. આ અગાઉ, અક્ષય તૃતિયાના રોજ યમુનોત્રી અને  ગંગોત્રી ધામના કપાટ ખોલવામાં આવ્યા હતા.

. . . . . . . . . . . .

# Pran Pratishtha of Ram Darbar

અયોધ્યાના રામ મંદિરનો પ્રથમ માળ ત્રણ જૂનથી શરૂ થઈ રહેલા પ્રાણ પ્રતિષ્ઠા સમારોહના એક દિવસ પછી જાહેર જનતા માટે ખુલ્લો મુકાય તેવી શક્યતા છે.

રામ દરબારની પ્રાણ પ્રતિષ્ઠા 3 જૂનથી શરૂ થશે અને 5 જૂનના રોજ પૂર્ણ થશે. અગાઉનાં ભવ્ય અભિષેક સમારોહમાં ગર્ભગૃહમાં રામ લલ્લા બિરાજમાન થયા હતા, જ્યારે પ્રથમ માળ પર ભગવાન રામ 'રાજા' સ્વરૂપમાં હશે.

રામ દરબારમાં 23 મેના રોજ ભગવાન રામની સાથે 18 મૂર્તિઓ સ્થાપિત કરવામાં આવશે. શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્રની નિર્માણ સમિતિના અધ્યક્ષ નૃપેન્દ્ર મિશ્રાએ આજે  સ્થળ પર ચાલી રહેલા નિર્માણ કાર્યનું નિરીક્ષણ કર્યું હતું.

. . . . . . . . . . . .

# DELHI RAIN AND WEATHER

રાષ્ટ્રીય રાજધાની દિલ્હી અને એનસીઆરમાં આજે વાવાઝોડા સાથે ભારે વરસાદથી એક જ પરિવારનાં ચાર વ્યક્તિનાં મૃત્યુ થયા છે. આ ઉપરાંત, વીજળી અને ઝાડ પડવાની ઘટનાઓમાં ભારે નુકસાન થયું હોવાના અહેવાલ છે.

ભારે વરસાદથી વિમાન વ્યવહાર ખોરવાઈ ગયો છે. હવામાન વિભાગે આગામી બે દિવસ દિલ્હીમાં પવન અને ગાજવીજ સાથે ભારે વરસાદ માટેનું યલો એલર્ટ જાહેર કર્યું છે.

આકાશવાણી સમાચાર સાથે વાત કરતા, હવામાન વિભાગના મહાનિર્દેશક ડૉ. મૃત્યુંજય મહાપાત્રાએ જણાવ્યું કે, આગામી બેથી ત્રણ દિવસ દરમિયાન ઉત્તર, ઉત્તર-પશ્ચિમ અને ઉત્તર પૂર્વનાં રાજ્યો સહિત દેશના વિવિધ ભાગોમાં વરસાદની સંભાવના છે.

. . . . . . . . . . . .

# STOCK MARKET REPORT

ભારતીય ઇક્વિટી બજારોમાં સપ્તાહનાં અંતિમ ટ્રેડિંગ સત્રમાં અસ્થિરતા બાદ સૂચકાંકો તેજી સાથે બંધ થયા હતા.

બીએસઇ સેન્સેક્સ 296 પોઇન્ટ વધીને 81 હજાર 177 પોઇન્ટ પર અને એનએસઇ નિફ્ટી 12 પોઇન્ટ વધીને 24 હજાર 346 પોઇન્ટ પર બંધ રહ્યો.

વિદેશી હૂંડિયામણ બજારમાં ડોલર સામે રૂપિયો પાંચ પૈસા ઘટીને 84 રૂપિયા અને 54 પૈસા પર બંધ રહ્યો હતો.

એશિયન બજારોની વાત કરીએ તો, અમેરિકા અને ચીન વચ્ચે વેપાર મુદ્દે સંભવિત ચર્ચાનાં અહેવાલને પગલે મોટાં ભાગનાં બજારો તેજી સાથે બંધ થયા હતા. હોંગકોંગનો હેંગસેંગ 1.7 ટકા, જાપાનનો નિક્કી એક ટકા, સિંગાપોરનો સ્ટ્રેઇટ ટાઇમ્સ 0.3 ટકા વધ્યો હતો. લેબર ડેને કારણે ચીનનું બજાર બંધ રહ્યું હતું.

મોટાં ભાગનાં યુરોપિયન બજારો પણ હાલ વધારા સાથે કામકાજ કરી રહ્યા છે.

. . . . . . . . . . . .

# IPL CRICKET

આઇપીએલ ક્રિકેટમાં, સનરાઇઝર્સ હૈદરાબાદે ગુજરાત ટાઇટન્સ સામે ટોસ જીતીને બોલિંગ પસંદ કરી છે. અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે રમાઇ રહેલી આ મેચમાં છેલ્લાં અહેવાલ પ્રમાણે ગુજરાત ટાઇટન્સે 5 ઓવરમાં વિના વિકેટે 71 રન કર્યા છે.

. . . . . . . . . . . .

# RBI RS. 2000 NOTES

19 મે, 2023 સુધીમાં ચલણમાં રહેલી 2000 રૂપિયાની ચલણી નોટોમાંથી 98.24 ટકા નોટો પરત આવી ગઈ છે. 30 એપ્રિલ, 2025 સુધીમાં બેંકિંગ પ્રણાલીની બહારની આ પ્રકારની નોટોનું કુલ મૂલ્ય ઘટીને 6,266 કરોડ રૂપિયા થયું છે.

. . . . . . . . . . . .